સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

મૂકી હતી પૂર્ણ પ્રતિષ્ઠા હોડમાં, ધોવાઈ ગઈ!
બંગાળી 'ઐક્ય'ની ભીડમાં આબરૂ ખોવાઈ ગઈ!
તણાઈ તમામ કૂટનીતિ દીદીની સુનામીમાં -
વિશ્વ આખામાં એમની અનીતિ વગોવાઈ ગઈ!

હાઈકુ

જય સત્યનો
ને હાર્યો ભ્રષ્ટાચાર
હણાયા દૈત્યો
(દુર્ગા વિજય)

માથું સેવાળે
ઉંચા રહે બે પગ!
મૂરખ કગ
(અવિચારી સાહસ)

ચિંતન

અપાણિપાદો જવનો ગ્રહીતા, પશ્યત્યચક્ષુઃ સ શ્રૃણોત્યકર્ણઃ ।
સ્ વેત્તિ વૈદ્ય ન ચ તસ્યાસ્તિ, વેત્તા તમાહરગ્ગ્યં પુરુષં મહાન્તં ॥

ઉપરોક્ત શ્લોક શ્વેતાશ્વતરોપનિષદમાંથી લેવામાં આવે છે.

તે પમરાત્મા હાથ-પગ રહિત હોવા છતાં સઘળું ગ્રહણ કરનાર તથા વેગપૂર્વક સર્વત્ર ગમન કરનાર છે, આંખો વિના જ તે સઘળું જુએ છે, કાન વિના બધું જ સાંભળે છે, જાણવા યોગ્ય બધી વસ્તુઓને તે જાણે છે, પરંતુ તેને કોઈ જાણનાર નથી. જ્ઞાની પુરુષો તેને મહાન આદિપુરુષ કહે છે.

જે પરમ તત્વનું નિરુપણ શબ્દો દ્વારા થઈ શકતું નથી, તેનું વર્ણન શ્રૃતિ, સ્મૃતિ, ઈતિહાસ, પુરાણ આદિમાં કેટલીવાર અવળવાણી દ્વારા કહેવામાં આવે છે. આ મંત્રમાં ઋષિ એ જ આદિપુરુષ, પરમાત્માની એ જ રીતે વિચિત્ર વસ્તુના રહસ્યના સંકેત વડે ઝાંખી કરાવવાનો પ્રયત્ન કરે છે. કઠોપનિષદ કહે છે કે કાનનો પણ કાન, આંખની આંખ છે, મનનું પણ મન, ઈચ્છાની પાંખ છે.

સુવિચાર

- ધારદાર તલવાર રેશમને નથી કાપી શકતી,
  દયાળુતા અને મીઠા શબ્દોથી હાથીને ગમે ત્યાં લઈ જઈ શકાય છે - **શેખ સાદી**
- જો બની શકે તો ગરીબ માનવીને હાથ ફેલાવવાની શરમથી બચાવો - **જયોર્જ લેસિંગ**
- બંધનમાં કોણ છે ? વિષયી, મુક્તિ શું છે ? વિષયોનો ત્યાગ - **શંકરાચાર્ય**
- સાદાઈની નકલ કરવી એ દુનિયામાં સૌથી મુશ્કેલ કાર્ય છે - **જન્મભૂમિ**
- પૂર્વનાં કર્મો થકી થયેલો પુરુષાર્થ એ જ ભાગ્ય છે,
  પુરુષાર્થ અને પ્રારબ્ધ એકબીજાના પૂરક છે - **યોગ વશિષ્ઠ**
- નાણા વગરનો ગરીબ નથી, અરમાન વગરનો ગરીબ છે - **ચાણક્ય**
- આજનું ઔષધ : ચાર લવીંગનો ભૂકો, બે ચમચી સાકર અને પા ચમચી ઘી નવશેકું ગરમ-ગરમ ખાવાથી ગળાનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભાવનગર રાજયના દિવાન પ્રભાશંકર પટણીના જીવનમાં બનેલ પ્રસંગ : દિવાન સાહેબને બહારગામ જવાનું થયું ત્યારે એક ચોરે તેમના પત્નીના ઘરેણાની ચોરી કરી. દીવાન સાહેબના પત્નીએ પોલીસ બોલાવી. પોલીસને ઘરના નોકર ઉપર શક પડ્યો. પોલીસ નોકર ને પકડી ગઈ. દીવાન સાહેબ, બહારગામથી પાછા આવ્યા ત્યારે નોકરની પત્નીએ રડતા રડતા વિનંતી કરી 'મારા પતિને જેલમાંથી છોડાવો સાહેબ' નોકરની પત્નીની વિનંતી સાંભળી તરત જ દીવાન સાહેબે પોલીસ અધિકારી પર ચિઠ્ઠી લખી. 'નોકરને લઈ તત્કાળ મારા ઘરે આવો.' દીવાન સાહેબે નોકર પત્નીને શાંત રહેવા કહ્યું, પોલીસ અધિકારી નોકરને લઈને આવ્યા. દીવાન સાહેબે તેમને કહ્યું, 'તમે ચોરને શોધવામાં જહેમત ઉઠાવી અને ચોરને પકડી લીધો તેના માટે તમારી હું કદર કરું છું. પરંતુ અમને ઘરના નોકર પર જરાય શંકાય નથી. એ તો અમારા કુટુંબનો સભ્ય છે. તે અમારા ઘરમાંથી ચોરી કરે તેવી મને કલ્પના નથી આવતી. મારો આગ્રહ છે કે આ નોકરને તમે છૂટો કરો.' પોલીસ નોકરને મૂકીને પાછી વળી. પછી દિવાન સાહેબે નોકરને કહ્યું, 'પોલીસને તમારા પર શંકા હતી આથી તેમને તમારી ધરપકડ કરી, પરંતુ અમને તમારા પર પૂરો વિશ્વાસ છે. આ લો મારા કબાટની ચાવી. તમે જ મારું પાકીટ અને સામાન મારા કબાટમાં મૂકી આવો.' દીવાન સાહેબનો આવો વિશ્વાસ અને સદ્‌ભાવ જોઈ નોકર રોઈ પડ્યો. તેણે કરેલી ચોરીની કબૂલાત કરી. અને ચોરેલા ઘરેણા પણ પરત આપ્યા. દીવાન સાહેબે કહ્યું, 'તને કરેલા કૃત્યનો પસ્તાવો થયો છે એ જ તારી સજા છે. તારા અંતરાત્માએ મને સજ્જન બનવાની તક આપી છે, એ માતે ચડાવીલે અને સુખી થા.'

વિપક્ષોના ધ્રુવીકરણનો સંકેત આપતાં પરિણામો

તંત્રીસ્થાનેથી...

ભારતીય રાજકારણમાં એક અણધાર્યો વળાંક આવવા માટેની ભૂમિકા છેલ્લી વિધાનસભાઓની ચૂંટણી તથા કોરોના સંકટને કારણે ઊભી થઈ ગઈ છે. એક "મિથ" ઓચિંતું જ કડડભૂસ કરતું ધરાશાયી થઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ કે પછી 'જય શ્રી રામ'ના નારાથી વોટના ઢગ વળી જતા એ દિવસો આથમી રહ્યા છે. પશ્ચિમ બંગાળ કોઈ નાનું રાજ્ય નથી અને બંગાળી બાબુઓ તો દુનિયાની સૌથી બૌદ્ધિક પ્રજા હોવાનું ગૌરવ લેતા રહ્યા છે. એશિયા ખંડની સૌથી સમૃદ્ધ અને સૌંદર્યમયી ભાષા હોવાનું ગૌરવ પણ બંગાળી ભાષાના ફાળે જાય છે. ભાષાના મુદ્દે તો કટ્ટર ઈસ્લામિક હોવા છતાં પૂર્વ પાકિસ્તાને પાકિસ્તાનથી અલગ પડી "બાંગ્લાદેશ" તરીકે ઓળખાવાનું પસંદ કર્યુ હતુ. અદલ એવો જ ભાષાપ્રેમ દક્ષિણ ભારતના તમિલભાષીઓમાં પ્રવર્તે છે. તમિલને તેઓ સંસ્કૃત જેટલી જ જૂની પ્રશિષ્ટ ભાષા માને છે. દ્રવિડ મુનેત્ર કળગમ પાર્ટી જ આખી દ્રવિડ સંસ્કૃતિ અને તમિળ અસ્મિતા સાથે જોડાયેલી છે. પાર્ટીના દિવંગત નેતા એમ. કરુણાનિધિ પોતે ઉત્તમ નાટ્યકાર હતા. બંગાળ અને તમિળનાડુની જેમ દક્ષિણ ભારતનું કાશ્મિર ગણાતા કેરળમાં પણ સંકુચિત વિચારધારા ધરાવતા રાજકીય પક્ષો માટે 'પ્રવેશ નિષેધ' છે. હિંદીબેલ્ટમાં જ બે મુખ્ય રાષ્ટ્રીય પાર્ટીઓ વચ્ચે સ્પર્ધા ચાલે છે જેમાં કોંગ્રેસ ધીમે ધીમે અંધારિયાના ચંદ્રની જેમ ક્ષીણ થતી રહી છે. પૂર્વોત્તરમાં ભારતીય જનતા પાર્ટીએ બાંગ્લાદેશી મુસલમાનોની હકાલપટ્ટીના મુદ્દે સ્થાનિક પ્રજામાં પગદંડો જમાવ્યો છે પણ આસામ અને ત્રિપુરા સિવાયનાં પાંચ રાજ્યોમાં ચર્ચની બોલબાલા છે. ઓડિશા ઘણા વખતથી એની મહાન રાષ્ટ્રીય વિભૂતિ બિજુ પટનાયકના સુપુત્ર નવીન પટનાયકની સુશાસન પદ્ધતિથી સંતુષ્ટ છે. ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં હવે પછીના સમયગાળામાં પ્રાદેશિક પાર્ટીઓ અને કોંગ્રેસ સાથે રહે તો રાજકીય ભૂકંપ સરજાઈ શકે એમ છે. મહારાષ્ટ્રમાં શિવસેના સાથે કોંગ્રેસ-એનસીપીનું જોડાણ ભારતીય જનતા પાર્ટીને સત્તાથી દૂર રાખી શકે એમ છે. જો વિપક્ષો આ વખતની ચૂંટણીના પરિણામો પરથી બોધપાઠ લેશે તો આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટી વિરૂદ્ધ મોટા પાયે ધ્રુવીકરણ સરજાવાની પૂરી શક્યતા છે. એકલો મુસ્લિમ વિરોધ અને હિંદુત્વના નારા વારંવાર કારગત નહીં થઈ શકે. દેશની ગંગાજમની તહેજીબને પ્રજાએ પચાવેલી છે. વખત પૂરતી પ્રજાને ગેરમાર્ગે દોરી શકાય ખરી, પણ વારંવાર એને છેતરી શકાશે નહીં. ઉત્તરપ્રદેશનું સુકાન યોગી આદિત્યનાથ જેવા કટ્ટર મુસ્લિમ વિરોધી મહંતના હાથમાં સોંપીને ભારતીય જનતા પાર્ટીએ વખત પૂરતો લાભ જરૂર મેળવ્યો છે પણ આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં પ્રજાના મિજાજનો પરચો જરૂર દેખાશે. પશ્ચિમ બંગાળમાં એક મહિલા વિરુદ્ધ આખેઆખી ફોજ કામે લાગી અને નંદીગ્રામ પૂરતી તો એને થોડા અંતરથી હરાવી પણ શકાઈ; પરંતુ પ્રજાએ સમસ્ત બંગાળના સર્વમાન્ય નેતા તરીકે તો મમતા બેનરજીના નામ પર જ મહોર લગાવી. તૃણમૂલ કોંગ્રેસનો વોટ શેર ૪૭.૯ ટકા છે એને ૨૧૪ બેઠકો મળી છે. ભાજપનો વોટ શેર ૩૮.૧ ટકા જ રહ્યો છે. એ ૭૬ બેઠકોમાં સમેટાઈ ગયેલ છે. તમામ હથકંડા અને ભાષણબાજી પછી પણ ભાજપ મમતાના તૂટેલા હાડકાવાળા "અંગદના પગ"ને તસુવાર હડસેલી નથી શકી. નંદીગ્રામ પણ મમતાએ થોડા વધુ પડતા આત્મવિશ્વાસને કારણે ગુમાવ્યું છે. એમને એકલા હાથે આખા રાજ્યમાં ઝઝૂમવાનું હતું જ્યારે એમના દગાખોર પૂર્વ સાથી માટે એ પોતાનો મતવિસ્તાર હતો તથા કેન્દ્ર તરફથી અને પાર્ટી તરફથી મળતી અઢળક મદદ સાથે ચોવીસે કલાક ત્યાં જ ધામા નાખીને પડી રહેવાનું હતું. મમતા બેનરજી કે નવીન પટનાયક જેવા લોકનેતાઓ એક પ્રદેશ પૂરતા એટલા બધા લોકપ્રિય હોય છે કે એમની સામે ભાજપનાં નાણાં કે મોદીની અને શાહની રેલીઓ વિસાતમાં નથી રહેતી. કોંગ્રેસ મેદાન ગુમાવી ચૂકી છે ત્યારે જો એની નેતાગીરી સમજણપૂર્વકનું સાણપણ દાખવી જેમ પશ્ચિમ બંગાળમાં સ્વેચ્છાએ ચિત્રમાંથી હટી ગઈ હતી એમ આગામી લોકસભાની ચૂંટણી વખતે પણ શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે, મમતા બેનરજી, કેજરીવાલ અને સ્ટાલિન કે નવીન પટનાયક જેવા નેતાઓને આગળ ધરી પોતે બેકસીટમાં રહેશો તો સત્તાનાં સમીકરણ જરૂર બદલાઈ શકે છે. મમતા બેનરજીએ આ માટે દર્દભરી અપીલ ચૂંટણીગાળામાં જ કરી હતી તે શું સૂચક નથી?

વિકરાળ રુપ કાં ધરો ? કરો ખમૈયા કરો



અજવાળું - અજવાળું
તુષાર જોશી

કરો ખમૈયા કરો
મહાકાળના કાળ તમે
વિકરાળ રુપ કાં ધરો ?
કરો ખમૈયા કરો.

કવિ કૃષ્ણ દવેની આ ગીત રચના હમણાં આપણા સુધી પહોંચી. આવી જ પ્રાર્થનામય રચનાઓ કવિ તુષાર શુક્લ અને અન્યોએ પણ લખી છે. એમાં સમાયેલી પ્રાર્થનાના ભાવમાં હૃદયનો ભાવ ભેળવીને અસ્તિત્વને રોજ કહું છું કે હવે ખમૈયા કરો. રક્ષા કરો - માનવ માત્રનું કલ્યાણ કરો....

આવું કઈ સર્જનાત્મક પ્રસારિત થાય તો એમાં મોટા ભાગે લોકોના તાર જોડાય પણ છેલ્લા થોડા વર્ષોથી આપણે સહુ જે રીતે વિનામૂલ્યે ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરી રહ્યા છીએ એ આપણને જ ચિંતા ઉપજાવે એવા છે, આપણે જ ખુદને કહેવું પડે કે ખમૈયા કરો એવી કેટકેટલી ઘટનાઓ બને છે... આજે આવી જ થોડી વાતો ઉપર લખેલું ગીત વાંચીને જુદા સંદર્ભમાં હૈયામાં આવી તે પ્રસ્તુત છે.

છેલ્લા થોડા વર્ષોથી આપણે સહુ (હું મારી જાતને પ્રથમ મુકીને ચાલું છું) સોશિયલ મીડિયાના વધુ પડતાં બિનજરૂરી ઉપયોગ તરફ વળ્યા હોઈએ એવું લાગે તો સ્વીકારીએ કે હવે ખમૈયા કરો. સાચો - સમાજ ઉપયોગી - પ્રજા કલ્યાણલક્ષી ઉપયોગ કરવાના બદલે એમાં વિવેક ચુકીને વ્યક્તિગત ગમા-અણગમા, આરોપો, બેજવાબદાર શબ્દો કે ચિત્રો... તરફ વળ્યા હોઈએ એવું લાગે તો સ્વીકારીએ કે હવે ખમૈયા કરો...

પોતીકી બુદ્ધિ - પોતાની ક્રિએટીવીટી સ્વની વાત મૂકવાને બદલે બસ, માત્ર ને માત્ર અવિચારીપણે ફોરવર્ડ મેસેજ કરવાની આદતનું વળગણ થઈ ગયું હોય તો થાય કે હવે ખમૈયા કરો.

રોજ સવારે ધર્મસ્થાનોના ફોટા વ્યક્તિગત શ્રદ્ધા હોય એ સ્વરુપના આજના દર્શન, રેડીમેઈડ સ્ટીકર્સને સૂત્રો બસ મોકલ્યા જ કરવાના? આપણા ઘરોમાં ધાર્મિક તસ્વીરો કે કેલેન્ડરો ક્યારેય કચરા પેટીમાં નથી નાખતા, તો સામેના માણસોને શા માટે આપણી શ્રદ્ધાના ફોટા કે દર્શન મોકલીને, ડીલીટ બોક્સમાં નાખવા એને મજબૂર કરીએ? આપણી શ્રદ્ધા આપણા પૂરતી કે ચોક્કસ ગ્રુપ પૂરતી જ રાખીએ... આવું થાય ત્યારે થાય કે હવે ખમૈયા કરો...

વિશેષ હેતુ માટે ગ્રુપ બનાવાય તો બરાબર, લોકો પૂછ્યા વિના દેશ-વિદેશના નંબરો એડ કરીને ગ્રુપ બનાવે ત્યારે થાય કે હવે ખમૈયા કરો.

એકના એક મેસેજ રીપીટ થાય, માર્કેટમાં બિલકુલ નયા હૈ, વિશ્વ કલ્યાણ હેતુ કે શૃંખલા મત તોડીયે, આપ દસકો ભેજો ઔર પરિણામ મીલેગા, બ્રેકીંગ ન્યુઝ, In Last 24 Hours આવું આવું ન જાણે કેટલુંયે લખેલું એક જ ગ્રુપમાં વળી પાછા ૮-૧૦ જણા ફોરવર્ડ કરે ત્યારે થાય કે હવે ખમૈયા કરો. જે મેસેજ મોકલો છો એમાં હેતુ સારો હોય, પણ એ નામ નંબર - વિગતની ચકાસણી તો કરીએ... કોરોનાકાળમાં ૨૦૨૧માં આ વર્ષમાં પણ ઉત્સાહીઓ ૨૦૨૦ માર્ચ-એપ્રિલના મેસેજ ને વીડિયો મોકલે છે. એળા બનાવો બ્યા છે. બધું ફોરવર્ડ કરવાની લ્હાયમાં સચ્ચાઈ ચુકી જતા હોઈએ તો કહેવાનું મન થાય કે ખમૈયા કરો.

જાતજાતના નુસખાઓ - પ્રયોગો - ભોજનની વાનગીઓ - સંદેશાઓ... ને ફિલ્મ જગતના કે વિશ્વભરના સમાચારો... એક ને અનુકુળ હોય એ બધાને કામના ન પણ હોય... કેટલીયેવાર મીડિયાના - તબીબી ક્ષેત્રના - વિધવિધ ક્ષેત્રના કેટલાય મહાનુભાવો કહી ચૂક્યા છે કે બધાને બધી ખબર છે જ, પણ આપણે તોયે ફોરવર્ડ ફોરવર્ડ કરવામાં ટાઈમ પાસ કરતા હોઈએ તો કહેવાનું મન થાય કે હવે ખમૈયા કરો...

અત્યારે આખુંયે વિશ્વ ડર સાથે જીવી રહ્યું છે તેવા સમયે આ મીડિયાનો હકારાત્મકતા સાથે યોગ્ય ઉપયોગ થાય તો ઉત્તમ ઘટના છે પણ એની સાથે સાથે પાયા વિનાની વાતો, કેવળ વાણી વિલાસ, જીવલેણ બિમારી સાથે જોડાયેલી હાસ્યની વાતો, વેક્સીનેશન સાથેના જોક્સ, આજની વાનગી... વગેરે વગેરે.. આવે તેયારે દુઃખી અને વ્યથિત હૈયા આપણે જ કહીએ હવે ખમૈયા કરો.

માનો કે કોઈ એક માણસને સાહિત્યમાં રસ છે, તે સાહિત્યના મેસેજ એ જ ગ્રૂપમાં મૂકે અથવા એવા પાંચને મોકલે તો સારી વાત છે, પણ જેને કાંઈ લેવા દેવા નથી એને શા માટે મોકલાના ?? એક માણસ કોઈ વાતનો પક્ષકાર હોય એટલે બધા જ હોય ? એક માણસ વિરોધી હોય એટલે બધા જ હોય કમકે કમ આ વાતનું સાર્વજનીકરણ તો રોકી શકાય ને....

આવી સો બાબતો તમે પણ શોધી શકશો... જે વાતો લખાઈ છે ને બાકી રહી ગઈ છે એમાં મારી જાતને પણ જાગૃતપણે કહું કે હવે ખમૈયા કરો... તો સાચા અજવાળા રેલાશે.

મત કર માયા કો અહંકાર, મત કર કાયા કો અભિમાન

વિચારયાત્રા
ડો. જય ઓઝા

મત કર માયા કો અહંકાર,
મત કર કાયા કો અભિમાન
કાયા ગાર સે કાંચી
મત કર માયા કો અહંકાર,
મત કર કાયા કો અભિમાન
કાયા ગાર સે કાંચી
હો કાયા ગાર સે કાંચી
રે જૈસે ઓસ રા મોતી
ઝોકા પવન કા લગ જાય
ઝપકા પવન કા લગ જાય
કાયા ધૂલ હો જાસી
કાયા તેરી ધૂલ હો જાસી
એસા સપ્ન થા મહારાજ
જિનકા મુલ્કોં મેં થા રાજ
જિન ઘર ઝૂલતા હાથી
હો જિન ઘર ઝૂલતા હાથી
ઉન ઘર દિયા ના બાતી
ઝોકા પવન કા લગ જાય
ઝપકા પવન કા લગ જાય
કાયા ધૂલ હો જાસી
કાયા તેરી ધૂલ હો જાસી

હમણા ફૂટપાથ ફિલ્મનો દિલીપ કુમારના મુખે બોલાતો એક સંવાદ ખૂબ ફરી રહ્યો છે. "જબ લોગ ભૂખ સે મર રહે થે તો હમ ઉનકે હિસ્સે કા અનાજ ઊંચે દામો મેં બેચકર અપને ખજાને ભર રહે થે, જબ શહર મેં બિમારી ફૈલી તો હમને દવાઈયા છૂપા લી ઔર ઉનકે દામ બઢા દીયે, જબ હમે માલૂમ હુઆ કી પુલિસ હમ પર છાપા મારને વાલી હૈ તો હમને વહી દવા ગંદે નાલો મેં ફિકવા દી. મતલબ આદમી કી અમાનત કો આદમી કે કામ નહીં આને દિયા, મુજે અપને બદન સે સડી હુઈ લાશો કી બુ આ રહી હૈ, અપની હર સાસ મેં દમ તોડતે ઉન બચ્ચો કી સિસકિયા સુનાઈ દે રહી હૈ...હમ જૈસે ઝલીલ કુત્તો કે લિએ શાયદ આપકે કાનૂન મેં સજા નહીં હોગી. હમ ઈન્સાન કહલાને કે લાયક નહીં હૈ, ઈન્સાનો મેં રહને કે લાયક નહીં હૈ..."

કહેવાની આવશ્યકતા નથી કે અત્યારે આપણે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છીએ તે "ન ભૂતો ન ભવિષ્યતિ" જેવી પીડા છે. આ મહામારીમાં જ્યારે માણસ એક એક શ્વાસ માટે વલખા મારી રહ્યો છે, વિશ્વાસઘાતી નરપીશાચો દવાના કાળાબજાર, ઓક્સિજનના કાળાબજાર, ખાટલાના કાળાબજાર અને મૃતદેહોના પણ કાળાબજાર કરતા નજરે ચડે છે ત્યારે ૧૯૫૩ની આ ફિલ્મનો સંવાદ અને ૧૯૯૨-સ્કેમ વેબ સીરિઝમાં અંતમાં આવતુ આ ગીત એકદમ સટીક છે.

આ જીવન ક્ષણિક છે ત્યારે પાપના પોટલા આ નરપીશાચો કેમ બાંધવા માટે ઉતાવળા થતા હશે! આપણી આ યાત્રામાં આપણે મૃત્યુ અને દુઃખથી બચવામાં જ વ્યસ્ત રહીએ છીએ. આપણા જીવનમાં આખો ઉપક્રમ આપણા જીવતા રહેવાના તમામ પ્રયાસો સિવાય બીજું શું છે ? દુઃખથી બચવાના પ્રયાસમાં, અને મૃત્યુથી બચવાના પ્રયાસમાં રત રહીએ છીએ. હંમેશા જીવિત રહેવાના પ્રયાસો છે. જીવનને જાળવી રાખવાના પ્રયત્નો. આપણી આકાંક્ષાઓ છે મૃત્યુથી બચવાની. વૃદ્ધત્વથી બચવા, જીવન હંમેશા ટકી રહે બસ આ જ આપણી અપેક્ષાઓ છે. પરંતુ બને છે આનાથી ઊલટું. આપણી આકાંક્ષા કેવળ મૃગજળ જ રહે છે.

જીવનને પામી લેવું એ સ્વયં જીવનના લક્ષ્યને પામવા બરાબર છે. જીવન સ્વયં પોતાનું લક્ષ્ય છે જીવનની પાર ઉપર કશું નથી. જીવનની આગળ કશું નથી જીવન ખુદ એક સાગર છે અનંત અને અસીમ છે. જેને કોઈ ભલે પરમાત્મા કહે મોક્ષ કહે નિર્વાણ કહે. નામ ગમે તે આપે, જીવનને જીવંત બનાવવું પડે છે. ભૌતિક સુખ એ જીવનમાં આવશ્યક છે પરંતુ તે જ એકમાત્ર જીવનનું લક્ષ્ય નથી. જીવન સિવાય બીજું કશું જ નથી જીવનની પૂર્ણતા જીવનનો પૂરો અનુભવ જીવનનો પુરો આનંદ જીવનનું પૂરેપૂરું સૌંદર્ય ખીલે જે રીતે કોઈ ફૂલ ખીલે. આમ પણ જીવન સંપૂર્ણપણે ખુલી જાય તો લક્ષ્ય પૂરું થાય વાસ્તવમાં આપણે બધા જ બધી શાણી અને સુફિયાણી વાતો જાણીએ છીએ મૃત્યુનો ભય પાસે આવે ત્યારે આપણે બધા જ એકાએક યતિ બની જઈએ છીએ. સ્મશાન વૈરાગ્ય વ્યાપ્ત થઈ જાય છે.

વેબ સીરીઝના ડાયરેક્ટર હંસલ મેહતાએ સ્કેમ ૧૯૯૨માં હર્ષદ મહેતાના જીવનના અંતિમ તબક્કામાં આ કબીરની આજે કૃતિ મૂકી છે અદભુત છે. બસ આ ગીત એ જીવનમાં અંતિમ સમયમાં યાદ ન આવવું જોઈએ. આ તો જીવનનો પૂર્વાર્ધ બનવા લાયક છે. જીવનની અનુક્રમણિકામાં પ્રથમ ક્રમાંક પર આ ગીતનું તત્ત્વચિંતન જો સમજમાં આવી જાય તો..તો બેડો પાર જ સમજો.

જોકે યોગ્ય સમયે જ્ઞાન લાધે તો તે પામર મનુષ્ય શાનો ! તકલીફ અને પીડા બધે જ છે. અન્યાય થતો હોય તેવી લાગણી બધાને થઈ રહી છે. આવા સમયે કે જ્યારે આપણે ઘરનો ઉંબરો પણ ઓળંગવા માંગતા નથી ત્યારે ત્રણ પ્રકારના આત્યંતિક લોકો સમાજમાં નજરે ચડે છે. એક તો ઉપર જણાવ્યા તેવા સંવેદનશૂન્ય, અને કાળાબજારિયા લોકો, બીજા આવી પરિસ્થિતિમાં પણ બહાર નીકળીને લોકોને મદદ કરતા લોકો..કોઈ સમાજસેવી સંસ્થા પોતાનુ ભવન આપી દેવા તત્પર બની છે, કોઈ જરૂરતમંદને ભોજન પુરુ પાડી રહ્યા છે, આમ અનેક પ્રકારની સેવાની સરવાણી રેલાવતા લોકો પણ નજરે ચડે છે. અને ત્રીજો પ્રકાર છે કે જે ઘરે બેસીને માત્ર સોશ્યલ મીડિયા પર ફોર્વર્ડેડ વીડિયો અને મેસેજીસને મોકલે રાખવાનું કામ કરે રાખે છે. નકામી નકામી કોમેન્ટ કરીને માત્ર ટાઈમપાસ કરે છે. સમય પસાર કરવા માટે લગતા વળગતાને ફોન કરીને અમારે ત્યાં તો આટલા કેસ છે અને આટલા લોકો પડોશમાં ગુજરી ગયા જેવી વાતો કરીને સામા માણસને પણ ગૂંગળાવી દે છે.

આ સમયે બધાને આપણી પામરતા દેખાડી દીધી છે. કાલનું ચક્ર ફરે ત્યારે ભલભલા ચમરબંધીની હવા ટાઈટ થઈ ગઈ છે એ સૌએ જાણી લીધુ છે. ગરીબ-તવંગર, ઊંચ-નીચ જેવા કોઈ ભેદ સાથે આ કાળમુખા સમયને લેવાદેવા નથી. આ સમય દલીલ કરવાનો નહીં, અભિમાની બનવાનો નહીં, જડ બનવાનો નહીં, પરંતુ નમ્ર બનવાનો, સમય સાથે અનુકુળ થવાનો, સહાયક બનવાનો, ધૈર્યવાન બનવાનો આ સમય છે. કેવી અને કેટલી નાની નાની વાતો માટે આપણે દિવસો સુધી કોઈ આપણા જણ સાથે અબોલા લીધા હશે..! કેવી ક્ષુલ્લક બાબત માટે ખોટું લગાડીને આપણે અમૂલ્ય એવો સમય માત્ર 'ઊહું' કરીને વ્યતીત કરી દીધો.

આ સમયે જે શીખ આપી છે તે માત્ર સ્મશાન વૈરાગ્ય ન બની રહે... શેઠની શિખામણ ઝાપા સુધી ન રહે તે વાતનું પણ ધ્યાન રાખવાનું છે. આ કાયા અને આપણી માયા બંને ઠગારા નીવડવાના છે. એટલે જ અત્યારે તો આપણી આસપાસ ઘટતી ઘટનાઓને જોઈને નાસીપાસ થવાના બદલે ખૂબ જ નમ્ર બનીને જીવનને નવા જ અને અનોખા હકારાત્મક દૃષ્ટિકોણથી જીવવાનો અભિગમ દાખવીએ. આ સૂચન નથી..એક સમજ છે. મારે તમારે આપણે બધાએ આ સમજ કેળવવાની છે. હજાર પ્રેરણાદાયી વ્યાખ્યાન સાંભળીને કે પુસ્તકો વાંચીને ન સમજાય તેવું જ્ઞાન આ સમયે આપણને આપ્યું છે. તકલીફ એ છે કે તેની જ્ઞાન આપવાની આ રીત અને ફી ઘણી મોંઘી છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

હવે તો આ ક્ષણના સમાચાર આગલી ક્ષણે ઈતિહાસ બની જાય છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

પ્રત્યેક શતાબ્દી તેના કોઈને કોઈ અદભુત આવિષ્કારના કારણે ઓળખાતી હોય છે. એ સમય ગાળામાં કંઈક એવું થયું હોય કે, જે માનવીય જીવન શૈલીની ઘરેડને એકદમ બદલીને સમાજમાં નવી ચેતના અને ઊર્જાનો આવિર્ભાવ થાય છે. એવી નવી વાત માનવ જીવનમાં આવે છે જેનાથી જગત અત્યાર સુધી અજાણ હોય. ૨૧મી સદીને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના યુગની

સદી તરીકે ઓળખવામાં આવે છે.

વીસમી સદીના અંત સુધીમાં તો વિશ્વભરમાં સશક્ત મીડિયા માધ્યમોનો તીવ્રતાથી વિસ્તાર થતો જવા મળ્યો. આ વિષય લોક ચર્ચાનો પ્રમુખ મુદ્દો પણ બન્યો છે. મીડિયા માધ્યમોનો વિસ્તાર થવાથી એક એવુ પાસું ઉભરી આવ્યું કે પત્રકારત્ત્વ અને પત્રકારની સીમા રેખાઓ બદલાઈ ગઈ. આજે ૨૧મી સદીમાં મીડિયાની શક્તિ સામાન્ય નાગરિકના હાથમાં આવી ગઈ છે. આજના સમયમાં મીડિયાના બદલાતા જતા આયામોને જોઈને લાગે છે કે આ સમય એક જબરજસ્ત પરિવર્તન અને પ્રત્યાયન ક્રાંતિનો છે.

સંદેશો પ્રસારિત કે પહોંચાડવાના નવા માર્ગો અને માધ્યમો હાથવગા થતા જાય છે. ખૂબ ટૂંકાગાળામાં માધ્યમો આપણા જીવનના અભિન્ન અંગ બની ગયા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ આવું જ એક માધ્યમ છે. જેને આપણે સૌએ ખૂબ પ્રેમથી આપણાં જીવનનો અતુટ હિસ્સો બનાવી દીધું છે.

સોશિયલ મીડિયા માનવીય જીવનના અનેક પાસાઓ ઉપર પ્રભાવી રહે છે જેમ કે, રહેણી-કરણી, કાર્યક્ષેત્ર, મોજ-મસ્તી વગેરે. આ ઉપરાંત આપણી વ્યગ્રતા અને દુઃખની તથા સુખની લાગણીઓને પણ આ પ્લેટફોર્મ ઉપર આપણે તરત પ્રગટ કરી દઈએ છીએ. કેટલું અજીબો ગરીબ છે કે, જે વાત વ્યક્તિ પોતાના મિત્રો, સ્નેહીઓ, સગાંઓ સાથે નથી વહેંચી શકતો એ એફબીના અજાણ્યા મિત્રોને બેધડક કહી દે છે.

દુનિયામાં આજે બે પ્રકારની સમાજ રચનાનો યુગ શરૂ થઈ ચૂક્યો છે. એક વર્ચ્યુઅલ સિવિલાઈઝેશન અને બીજો ફીઝીકલ સિવિલાઈઝેશન. ટૂંક સમયમાં વિશ્વની મોટાભાગની વસતી ઈન્ટરનેટથી કનેકટેડ હશે. આમ પણ ઈન્ટરનેટ એક એવું માધ્યમ છે. કે જે બધાને માટે સહજ પણ છે અને સર્વહિતાય પણ છે.

મેન્યુઅલ કેસ્ટલ, કેલિફોર્નિયા યુનિવર્સિટિના ખાંસાહેબ પ્રોફેસર છે. સોશિયલ મીડિયા વિશે છણાવટ કરતાં કેસ્ટલે નોંધે છે કે, ફેસબુક, ટ્વિટર જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી થતો સંવાદ 'માસ કોમ્યુનિકેશન' નથી 'માસ સેલ્ફ કોમ્યુનિકેશન' છે. એનો અર્થ એ કે, આજના યુગમાં ૯૦ ટકા લોકો જનસંચારના નામે માત્ર સ્વપ્રચારનો જ કરે છે. યુઝરને એ પણ ખબર નથી હોતી કે, એના શબ્દો કે તસવીર કોના સુધી પહોંચે છે અને કોને એણે પહોંચાડવી છે ?

ફેસબુક, ટ્વિટર, ગુગલ પ્લસ, લિંકડઈન, માયસ્પેસ, પિંટરરેસ્ટ, ઓરકુટ જેવી નેટવર્કિંગ સાઈટ્સે દુનિયાને એક સૂત્રમાં બાંધીને રાખી છે. વર્ષ ૨૦૦૨માં 'ફ્રેન્ડસ્ટર'થી ઈન્ટરનેટ આધારિત સોશિયલ નેટવર્કિંગની દિશા ખુલી હતી. એના થોડા સમય પછી 'માય સ્પેસ' અને લિંકડઈન' જેવી સાઈટ જોવા મળી. વર્ષ ૨૦૦૪માં ફેસબુકનું બાઅદબ આગમન થયું. આજે ફેસબુક સૌથી વધુ લોકપ્રિય પ્લેટફોર્મ છે.

સોશિયલ સાઈટ્સ ઉપર સતત રહેનારા